# શબ્દોના સહજ સમૈયા



લાભશંકર પુરોહિત

ક પ્રાચિન કાળથી, આપણે ત્યાં રાજસત્તા અને અર્થસત્તાના આશ્રયે, કવિતા સંગીત, નૃત્ય વિગેરે કળાઓની પ્રસ્તુતિ અને પ્ર-દર્શનના ઉપક્રમોનો ચાલ હતો. મધ્યકાળના રજવાડી માહોલમાં, આ કળાશ્રયનો તંતુ ટકી તો રહ્યો પણ વિવેક અને ગૌરવને ઘાંસોટી લાગતાં શાસકપ્રીતિ અને પ્રશંસાનો રંગ ઘાટો થતો રહ્યો. મધ્યકાળના સંપ્રદાયોમાં, ઈશ્વપ્રીતિ અને ભકિતનો સ્પર્શ થતાં, નિતાન્ત કૃષ્ણાર્પણયુકત પ્રવૃત્તિ/પ્રસ્તુતિ એ બની રહી. આ કારણે ધર્મકેન્દ્રો પૂરતી એ સમર્પિત અવશ્ય રહી પરંતુ વ્યાપક જનસમુદાયથી એનું અંતર વધી ગયું. અર્વાચીનતાના આરંભે સંસ્કારપ્રિય અંગ્રેજી અલમદાર ફોર્બસે ઇડરમાં કવિમેળો ભરીને શબ્દપ્રવૃત્તિનો સમાદર કીધો એ અહીં સાંભરી આવે.

અતિશિક્ષિત શિષ્ટ સમાજ અને સાધારણતાની સપાટીએ જીવતો લોકસમાજઃ આ બન્ને વચ્ચેનું અંતર, કળાપ્રવૃત્તિની બાબતમાં અર્વાચીનતામાં વધતું રહ્યું. ગઈ સદીમાં સાહિત્ય, સંગીત વિગેરે કળાના પ્રકાશન-પ્રદર્શનને પુરસ્કારની સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. આપણે ત્યાં પણ સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી ઉપરાંત સંગીત નૃત્યને લગતી પણ વિવિધ સંસ્થાઓ ઉભી થઈ. ઔપચારિકતા અને કળાની સ્વાયત્તતા ઉપરાંત પોતપોતાના ઉચ્ચ-આગ્રહોને કારણે, સૌ કળાપ્રવૃત્તિનું સર્જન-વિરાસતનું ક્ષેત્ર, પોતપોતાની સાંકડી સીમાઓમાં ગતિ કરતું રહ્યું વ્યાપક પ્રજાસમુદાય પ્રત્યેની વિમુખતા ભલે એમાં સંકલ્પપૂર્વક ઇષ્ટ ન હોય તો યે, સાહિત્ય પ્રવૃત્તિનાં પ્રવર્તન અને પ્રચલનમાં લોક ભાગીદારીનો તંતુ પાતળો પડતો પડતો લગભગ સાવ બટકણો થઇ ગયો. સરકાર, શ્રેષ્ઠી કે સંપ્રદાયથી તો આ કળા સંસ્થાઓ સ્વતંત્ર ભલે રહી હોય પણ એના સૂત્રધારો કે સંચાલકોના આગ્રહો અને અભિનિવેશોથી એ કેમ વેગળી રહી શકે ? આવા દેશ કાળમાં ધર્મ-સંસ્કારના અનોખા અગ્રપુરૂષથી મોરારિબાપુની કળાપ્રીતિ, સાચી રીતે તો કળાપૂજા--તો અનુષ્ઠાનનો સહજ વિચાર, સંકલ્પ બન્યો અને એના આરંભે અસ્મિતા પર્વના અનૌપચારિક શબ્દોત્સવનો આરંભ થયો. કૈલાસ ગુરૂકુળ, મહુવાના માનસ પરિસરમાં પ્રતિવર્ષ ચૈત્ર શુકલના સમાપન દિવસોમાં, છેલ્લા એક દાયકાથી આવો શબ્દ સત્સંગ અને થોડાં વરસોથી સંગીત ગાયન, વાદન, નૃત્યના પણ સુરુચિ અને સરલતા સંપન્ન ઉપક્રમો યોજાતા રહે છે.

ખ્યાલ છે ત્યાં સુધી અસ્મિતા પર્વના પ્રથમ મેળામાં સર્વશ્રી યશવંત શુકલ, મનુભાઇ પંચોલી 'દર્શક' સમેત વીશેક જેટલા શબ્દકર્મી સાક્ષરો/ લેખકો ઉપસ્થિત રહ્યાં હતાં. દિવસના ભાગે બે સત્રોમાં સાહિત્યિક વિષયોને ઉપલક્ષતા વક્તવ્યો અને જૂના/નવા કવિઓની કવિતાઓનાં પઠનનો સમાવેશ અને રાત્રિની બેઠકોમાં, ગાયન-વાદન-નર્તનના સ્વતંત્ર ઉપક્રમો રહે.

સંગોષ્ઠી તળેનાં વક્તવ્યોમાં સાહિત્ય ઉપરાંત પ્રજાજીવનને લગતા સાંપ્રત મુદ્દાઓને પણ સ્થાન મળતું રહે. આપણા પ્રમુખ સર્જકો, સાક્ષરો, સાહિત્ય સ્વરૂપે પ્રભાવક સાહિત્યકૃતિઓ, સાહિત્યિક પ્રવાહો, વીસરાતા જતાં વિદ્યાપુરૂષોનાં વિદ્યાપ્રદાનનો પરિચયઃ આ સૌની વાત તો ખરી, આપણા પ્રાચીન ગ્રંથો, વિચારધારાઓ, પ્રજાજીવનના સાંપ્રત પ્રવાહો, સમૂહ-માધ્યમોઃ આવા આવા વિષયોની ચર્ચાને પણ સ્થાન મળતું રહે છે. તો કાવ્યસત્રમાં ત્રણેય દિવસ દરમિયાન પ્રતિષ્ઠિત કવિઓ ઉપરાંત નવોદિત સર્જકોની કવિતા પ્રસ્તુતિને પણ એટલી જ જગ્યા મળે પરિણામે રાજેન્દ્ર શાહ, નિરંજન ભગતથી માંડીને ઉદીયમાન રુંવાટીફૂટ કવિની સર્જકતાને પણ અહીં પ્રસ્તુતિનો પ્રસંગ મળે. આપણા વિદ્યમાન સાક્ષરો, સર્જકો, કવિઓ, વિદ્વાનો ને વિચારકોમાંથી ભાગ્યે જ કોઇ હશે કે જેની વિદ્યાસિધ્ધિનું, સારસ્વતવર્પણ, અસ્મિતા પર્વના પરિસરમાં ન થયું હોય ! જુદા જુદા વિષયોના અભ્યાસી અને એ પ્રદેશનાં અધિકૃત તજજ્ઞોની વરણી પ્રતિવર્ષે થતી રહે એટલે, ગુજરાત અને ગુજરાતીની બહુસંપન્ન વિદ્યાપ્રતિભાઓના અભ્યાસનો અર્ક અહીં ઉતરતો રહે. ગુજરાતના અને બૃહદ્ ગુજરાતના ઉત્તમ અભ્યાસીઓનો આ ઢબનો વિદ્યા-વિલાસ, ઔપચારિક પરિસંવાદો, અનુષ્ઠાનો કે પ્રતિષ્ઠાનોમાં ભાગ્યે જ પ્રકટ થતો જોવા મળે, જેનુ અહીં સહજ અને પ્રાસાદિક પરિણામ સાંપડતુ રહે પ્રત્યેક વકતવ્યને સમુચિત અવકાશ રહે એવું સમયધાન, વક્તાઓની સીમિત સંખ્યા અને શ્રોતાઓનો સમુદાર પ્રતિસાદઃ આ બાબતો પ્રાચીન ગોષ્ઠીની સાર્થકતાની પ્રતીતિ કરાવી રહે.

આ આખાયે ઉપક્રમનું ગરવું અને નરવું પણ પાસુ છે એના આયોજન/ સંયોજનની નિતાન્ત વિદ્યાલક્ષી અને રસલક્ષી ગતિવિધિ, સંયોજક હરિશ્ચંદ્ર જોશી અને સહાયક ડૉ.વિનોદ જોશી, પર્વના ત્રિ-દિવસીય ઉપક્રમોની ગોઠવણી વિષય/વક્તાઓની વરણી અને વીણણી. કવિતાઓની નિયંત્રિતતા આ સૌ બાબતો સ્વકીય સૂઝ, ઉંડી વિદ્યાદૃષ્ટિ અને પર્વ-સ્થળના ગૌરવ--વિવેકને જાળવીને કરે એટલે પ્રતિવર્ષ વિષયોનું વક્તાઓનું અને કવિઓનું વૈવિધ્ય તરી આવે. કેટલીક વાર આપણા બહુશાખા સંપન્ન શબ્દકર્મીઓની શ્રુતસેવા વધુ ઉપયુકત લાગતી હોય એ સિવાય ભાગ્યે જ કોઇ વક્તાને બેવડાવવા/ત્રેવડાવવાનું બને. પરિણામે સાંપ્રત ગુજરાતના સાહિત્ય અને વિદ્યાની સકલ રિધ્ધિના પોષણ અને પૂજનનો સુયોગ અસ્મિતાપર્વને સાંપડતો રહે છે. પરંતુ આ આખા સમૈયાની પ્રાસાદિકતા, પારમાર્થિકતા અને પારદર્શિતા જે મહાનુભાવની શ્રોત ઉપસ્થિતિને લીધે અનુભવવા મળે છે તે છે આ પ્રજ્ઞાસૂય અક્ષરયજ્ઞના તત્પુરૂષ શ્રી મોરારિબાપુ. આખાયે ઉત્સવ દરમિયાન અને તમામ સત્રોમાં એમની સાદ્યંત હાજરી-શરીર અને સંવેદનાપૂર્વક હોવાની. પ્રત્યેક વક્તા કે કવિને પામવાની એની સકંપ સુશ્રુષા (સાંભળવાની આતુરતા) પ્રત્યેક પળે વરતાઇ આવે. એમને માટે આ શ્રુતિપર્વ સહજ, સ્વાભાવિક અને સહૃદયપૂર્ણ છે. પરિસરમાં કે પ્રસંગમાં કશોયે ભાર ન વરતાય અને 'અસ્મિતા પર્વ'ની સરસ્વતી પ્રસન્ન ગંભીરપદા વહેતી રહે એનું શ્રેય,પરિસરની પવિત્રતા, ઇષ્ટની પ્રસન્નતા અને અગ્રપુરૂષની પ્રાંજલ પારદર્શિતાને આભારી ગણવું ઘટે. કર્તૃત્વ કે નેતૃત્વના અંતઃ વિલોપનપૂર્વક, શ્રી મોરારિબાપુની સળંગ ઉપસ્થિતિ સાંખ્યપુરૂષના નિર્લેપ સાક્ષીભાવની નહિ પણ સત્પુરૂષના સજલ શ્રોતૃભાવની જોવા મળે એનો અબોલ પુણ્યસંચાર વક્તા અને શ્રોતા-સૌના બાહ્યાભ્યંતર ધબકતો રહે.

'અસ્મિતાપર્વ' આપણા સાંપ્રત ગુજરાતની એક અદ્દભુત અને અનોખી સંસ્કારઘટના છે. કળાકાર, સર્જક, સાક્ષર અને શ્રોતાઃ સૌને મોકળા રાખીને કલા સંસ્કારની વિશિષ્ટ અને વિભૂષિત ભૂમિમાં રહ્યાંનો અહેસાસ એનાથી સાંપડી રહે. 'સત્તા', 'સંપત્તિ' : બન્ને પ્રભાવક કેન્દ્રોથી અલિપ્ત રહીને, નિતાન્ત ને નિરપેક્ષ કળા સંસ્કારનો આવો રસપ્રદેશ, અન્યત્ર, ભાગ્યે જ જોવા મળે.



**'અસ્મિતા પર્વ' આપણા સાંપ્રત ગુજરાતની એક અદ્દભૂત અને અનોખી સંસ્કારઘટના છે.**